# સેકટર-૭ આધારકાર્ડ કેન્દ્રમાં કર્મચારીઓની મનમાનીથી નાગરીકોમાં રોષ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૭ ખાતે આવેલા આધારકાર્ડ કેન્દ્ર ખાતે કલાકોના સમયબાદ પણ ગણ્યા ગાંઠયા નાગરીકોનું જ આધારકાર્ડ નીકળવા પામે છે. આધારકાર્ડ નીકાળવા માટેના કર્મચારીઓ ફોન પર વાતચીત કરીને સમય પસાર કરતા હોવાનું નાગરીકો જણાવી રહ્યા છે. વરસાદના સમયમાં કલાકો સમય બેસી રહ્યા બાદ પણ સાંજ ઢળે કાલે આવજો જેવા જવાબો આધારકાર્ડ ઈચ્છુક નાગરીકોને સાંભળવા મળે છે. કર્મચારીઓની ધીમી કામગીરીને પગલે નાગરીકોમાં રોષ જોવા મળ્યો છે.

ગાંધીનગર શહેરના આધારકાર્ડ વિહોણા નાગરીકો માટે તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખીને શહેરના વિવિધ સ્થળો પર આધારકાર્ડ કેન્દ્ર શરુ કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો પર એજન્સીના કર્મચારીઓ દ્વારા બાકી રહી ગયેલા નાગરીકોના આધારકાર્ડ નીકાળી આપવાની કામગીરી કરવામાં આવે છે. આધારકાર્ડ માટે બાકી રહી ગયેલા નાગરીકોની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે કેન્દ્રોના કર્મચારીઓની તાનાશાહીથી નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ગઈકાલે સેકટર - ૭ ખાતે નાગરીકોને કર્મચારીનો કડવો અનુભવ થવા પામ્યો છે.જેમાં સાંજે ૫ વાગ્યાના અરસામાં આધારકાર્ડ નીકાળવા માટે અંદાજે દસ થી વધુ નાગરીકોની લાઈન હતી. કર્મચારી દ્વારા એક વ્યકિતની આધારકાર્ડની કામગીરી ચાલી રહી હતી ત્યાં જ અચાનક કર્મચારીનો ફોન રણકતા વાતચીત શરુ કરી અને લાઈન સિવાય આવેલા નાગરીકોને કાલે આવજો તેમ કહેવામાં આવ્યું હતું. જેથી લાઈનમાં ઉભેલા નાગરીકોને આજે કામ પુર્ણ થશ તેવો અહેસાસ થયો હતો. ત્યારબાદ કર્મચારીએ એક કલાક સુધી વાત કર્યા પછી સાંજે ૬ કલાકે વરસાદમાં પણ આધારકાર્ડ માટે ઉભેલા નાગરીકોને કાલે આવજો તેમ કહ્યું હતું.

આધારકાર્ડ કેન્દ્ર પર માત્ર એક કલાકના સમયગાળામાં માત્ર એક જ વ્યકિતના કાર્ડની કામગીરી કર્મચારી દ્વારા કરવામાં આવી હતી. આધારકાર્ડ માટે આવી મંથરગતિએ કામ શરુ હશે તો આધારકાર્ડની કામગીરી ક્યારે પૂર્ણ થશે તેવુ નાગરીકોમાં ચર્ચાઈ રહ્યું છે. જયારે ધીમી ગતિએ કાર્ય કરતા કર્મચારીઓને લઈ નાગરીકોમાં રોષ જોવા મળ્યો છે. તંત્રના અધિકારીઓ સમયાંતરે આધારકાર્ડ કેન્દ્રોનું ચેંકીગ કરે તેવી પણ લોક માંગ ઉઠવા પામી છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે ધીમી ધારના વરસાદને કારણે કલેક્ટર ઓફિસ નજીક એક વૃક્ષ ધરાશયી થયુ હતુ તે તાત્કાલિક વન વિભાગ દ્વારા દૂર કરવામાં આવ્યુ હતુ.

● આજે ધીમીધારના ઝરમરીયા વરસાદને પગલે ભજીયા અને ચાની કીટલીઓ પર ગ્રાહકોની ભીડ જોવા મળી હતી.

● બંધારણ વાળો મારા કલેજાની કોર ગીતના રચયતા ''માધવ બાપા'' ૧૧-૭-૧૬ના રોજ પાટણના વાવ ખાતે પરિનિર્વાણ પામ્યા છે.

● ગાંધીનગર શહેરમાં ધીમી ધારના વરસાદને પગલે ગંદકીના ઢગલા ઉભા થવા પામ્યા છે.

● કલોલના પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસના અગ્રણી સુરેશભાઈ પટેલનો આંખનું ઓપરેશન કરવુ પડ્યું છે. તબીબોએ બેડરેસ્ટની સલાહ આપી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત સામે કરાયેલ તાર ફેન્સીંગની અંદર વૃક્ષોનું વાવેતર વન વિભાગે કરી દીધુ છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ખાતાકીય પસંદગી સમિતિની બેઠક બાદ હવે વિધિવત્ બઢતીના હૂકમો એકાદ દિવસમાં કરાશે.

## હરિની દ્દષ્ટિ... - હરિન ભટ્ટ




બાપા.. સમજો, .... આપણાં રાજ્યમાં દારૂબંધી હવે જુની થઈ... હવે અહીં કરતાં નવાન વા રાજ્યોમાં દારૂબંધી લાગુ થઈ છે ત્યાં આપણાં જેવા અનુભવીની જરૂર છે...!

# ચિલોડા પંથકમાં ધીમીધારે મેઘરાજાની પધરામણીથી ખેડુતોમાં ખુશીની લહેર

ચિલોડા.૧૨

ગાંધીનગર શહેરને અડીને આવેલા ચિલોડા વિસ્તારમાં તાજેતરમાં છુટાછવાયા ઝાપટા બાદ સોમવારની મોડીસાંજથી અષાઢી વરસાદનું આગમન થવા પામ્યું છે. ધીમી ધારે સતત આકાશમાંથી વરસતા કાચા સોના સમાન મેઘવર્ષાથી ખેતીના પાકોને જીવતદાન મળવા પામ્યું છે. જયારે અસહ્ય બફારા અને ઉકળાટ તેમજ ગોરંભાયેલા વાદળોને લીધે કેટલાક સ્થળે હળવા છાંટા અને અમી છાંટણા થવા પામ્યા છે. મેઘરાજા મનમુકીને ન વરસતા ખેડુતોના હૈયે ચિંતાના વાદળો ઘેરાયા હતા. ત્યારે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ધીમે પગલે મેઘરાજાની પધરામણી થતા ખેતીના પાકને જીવતદાન મળવા પામ્યું છે. પાકને અનુકુળ સમય અને સંજોગો પ્રમાણે વરસાદ વરસતા ડાંગર, મગફળી, જુવાર, બાજરી, સહિત શાકભાજી જેવા ખરીફ પાકને વરસાદી પાણી મળતા પાકને જીવતદાન મળતા ખેડુતો હર્ષઘેલા બની રાહતની લાગણી અનુભવી રહ્યા છે. ચિલોડા પંથકમાં સતત ૨૪ કલાકથી વરસાદ વરસતા જમીનમાં પાણીનું સિંચન થતા પાણીની અછત દુર થવાના અંધાણ ઉભા થવા પામ્યા છે. ચિલોડામાં વરસાદી માહોલ ઉભો થતા વાતાવરણમાં ઠંડક પ્રસરતા નાગરીકોમાં ખુશી જોવા મળી છે. વરસાદને પગલે ખેતરોમાં ઉભા પાક લહેરાઈ રહ્યો છે. ત્યારે ધીમીધારે મેઘરાજાની પધરામણી થતાં જગતનો તાતમાં કંઈક અનેરો ઉત્સાહ જોવા મળે છે.



# ચરસ ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલા આરોપીને ૫ વર્ષની સખત કેદ

ગાંધીનગર તા ૧૨

માણસાના ચરણવાસમાંથી ચરસના જથ્થા સાથે ઝડપાયેલા આરોપીને ગાંધીનગર કોર્ટે પાંચ વર્ષની સખત કેદની સજા તેમજરૂ ૨૦ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૧૬ ડીસેમ્બર વર્ષ ૨૦૧૧ના રોજ માણસાના ચરણવાસમાં રહેતા આરોપી સતીષદાન ઝબરદાન ગઢવીના મકાનમાંથી માણસા પોલીસે ચરસનો ૬૧૭ ગ્રામ જથ્થો ઝડપી લીધો હતો. ચરસ ઉપરાંત ૧૧૬ ગ્રામ ગાંજા સાથે પોલીસે રૂ ૨૫૨૬૦નો મુદ્દા માલ કબજે લીધો હતો. આ દરમિયાન આરોપી સતીષદાનની પણ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ દલીલો કરી હતી. આ દલીલો તેમજ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ જજ અજયકુમાર સી રાવે આરોપીને ધી નાર્કોટિક ડ્રગ્ઝ અને સાયકોટ્રોપિક સબસ્ટનિસઝ એકટ ૧૯૮૫ની કલમ ૮ સી તેમજ ૨૦બી તથા ૨૧ મુજબના ગુન્હામાં ૫ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે આરોપીને રૂ ૨૦ હજારનો દંડ ભોગવવા પણ હુકમ કર્યો છે. જયારે આરોપી દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.





## સાદરામાં વિશ્વ વસ્તી દિવસ ઉજવાયો

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરાના ઉપાસના ખંડમાં પ્રા. જમનાદાસ સાવલિયાની અધ્યક્ષતામાં વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સેવકો હાજર રહ્યા હતા. વિશ્વ વસ્તી દિવસ ઉજવણી નિમિત્તે વિશ્વ વસ્તી સ્વરૂપ, સમસ્યા અને ઉકેલ અંગેનો રસપ્રદ વાર્તાલાપ પ્રા. રમેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તૃપ્તી ગામીત, વંદના ભૂવા, એનરોલ ખરાડી, ભરત નાવડીયા એ ભવાઈ દ્વારા નાના કુટંબથી સુખ અપારનો સંદેશો આપ્યો હતો અને 'વધતી વણઝારે દેશ આ છલકાઈ રહ્યો'નું ગીત પણ ગાયું હતું. ગ્રંથપાલ જગદીશ પરીખ અને ગોવિંદ વાઘેલાએ ભવાઈ-ગીત ગૂંજનની વિદ્યાર્થીઓને તૈયારી કરાવી હતી. રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક પ્રા.નિરજ સિલાવટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું તથા કાર્યક્રમના અંતે ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ આભાર વિધિ કરી હતી.

# ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે તપોવન પરિવાર સંમેલનનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં સે-૨૦માં ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે તા. ૧૭મી જુલાઈ રવિવારે બપોરે ૩.૩૦ કલાકે તપોવન પરિવાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં ઉપસ્થિત પરિવારોને ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા આગામી સમયમાં પ્રારંભ થઈ રહેલ શિશુ પરામર્શન કેન્દ્ર અંગે પણ માહિતગાર કરવામાં આવશે.

બાળકના સર્વાંગી વિકાસ, તેના ઉછેર અને સ્વાસ્થ્ય અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે, બાળકની આંતર શકિતઓ ખીલે, બૌધ્ધિક ક્ષમતા વિકસે, સદા પ્રસન્ન રહે, તંદુરસ્ત રહે તેમજ તેની દિનચર્યા, આહાર, વસ્ત્રો તથા પરિવારનું ભાવાવરણ વગેરે અંગે જાણકારી સાથે શિશુના સર્વાંગી વિકાસ માટે ઘરે કેવી કેવી પ્રવૃત્તિ કરાવી શકાય તે તમામ બાબતોની માહિતી ચિલ્ડ્રન યુનિ.ના તપોવન પરિવાર સંમેલનમાં આપવામાં આવશે. આ સંમેલનમાં સામેલ થવા યુનિ.ના ફોન નંબર પર રજા સિવાયના દિવસે સવારે ૧૧.૩૦થી ૫.૩૦ દરમિયાન નામ રજીસ્ટર કરાવવાના રહેશે.

# હઠીલા ટીબીના ૧૦ દર્દીઓ ગીરનારી આશ્રમે દત્તક લીધા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરથી માણસા રોડ પર બાલવા ચોકડી પાસે આવેલ ગીરનારી આશ્રમના પૂ. ગીતાદીદી દ્વારા જિલ્લાના હઠીલા ટીબી રોગના ૧૦ જરૂરિયાતમંદ વર્ગના દર્દીઓને દત્તક લેવામાં આવ્યા છે. આ દર્દીઓને આશ્રમ દ્વારા દર માસે રૂ. ૧૫૦૦થી વધુ કિંમતનું કરિયાણું પુરું પાડવામાં આવે છે.



એમડીઆર ટીબી એટલે કે મલ્ટી ડ્રગ રેજીસટન્ટસ જેને હઠીલો ટીબી તરીકે ઓળખવામાં આવે છે. આ રોગનો સરકારે આરએનટીસીપી પ્રોગ્રામ હેઠળ સમાવેશ કરી તેના દર્દીઓને ૨૪ મહિના સારવાર, દવા તથા મેડીકલ તપાસના ખર્ચ પેટે રૂપિયા ૨ થી ૩ લાખની સહાય આપવામાં આવે છે. જો કે આ રોગમાં સારવાર દવા સાથે દર્દીઓને પ્રોટીનયુકત આહાર મળવો ખૂબ જરૂરી છે. જિલ્લાના આર્થિક અને શારીરિક રીતે નબળા દર્દીઓને પ્રોટીન યુકત આહાર ન મળવાને કારણે તેઓ આ રોગમાંથી જલ્દી સાજા થઈ શકતા નથી અથવા તેમની દવા પુરી કરી શકતા નથી. ગાંધીનગર જિલ્લામાં એમડીઆર ટીબીના એકસો દર્દીઓની સારવાર ચાલી રહી છે. જિલ્લામાંથી હઠીલો ટીબી નાબૂદ કરવા ઝુંબેશ ચલાવાઈ રહી છે ત્યારે આ રોગના આર્થિક અને શારિરીક રીતે નબળા દર્દીઓને પ્રોટીન યુકત આહાર મળી રહે તે ઘણું આવશ્યક છે.

ગિરનારી આશ્રમના પૂ.ગીતાદીદી દ્વારા હઠીલા ટીબીની નાબૂદી ઝુંબેશ અંતર્ગત માણસા તાલુકાના ૧૦ દર્દીઓને દત્તક લેવામાં આવ્યા છે. આ દર્દીઓ આર્થિક અને શારિરીક રીતે નબળા હોવાથી તેમને જરૂરી પ્રોટીનયુકત આહાર મળી રહે તે હેતુથી પૂ.ગીતા દીદી દ્વારા દર મહિને રૂ.૧૫૦૦થી વધુની કિંમતનું કરિયાણું પુરું પાડવામાં આવી રહ્યું છે. સમાજમાંથી હઠીલા ટીબીના નાબૂદી માટે ગીરનારી આશ્રમનું આ સદકાર્ય અન્ય સંસ્થાઓ માટે પ્રેરણારૂપ સિમાચિહ્ન બન્યું છે.

# આલમપુરમાં એરફોર્સે જ ગૌચરમાં દબાણ ઉભુ કર્યુ છે તે દૂર કરાવવા ગ્રામજનોની માંગ

### જિલ્લાના દસ ગામોમાં યોજાયેલા ગ્રામસંવાદ સેતુમાં ૧૦૦થી વધુ પ્રશ્નો રજુ થયા : જેઠલજમાં બાળકોના શિક્ષણ માટે ગ્રામજનોએ શાળા આપવા માંગ કરી તેમજ એપ્રોચ રોડ શાળાને જોડતો મંજૂર કરવા રજૂઆત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક આવેલ આલમપુર ગામના ગૌચરમાં જ વાયુસેના દ્વારા ગેરકાયદે દબાણનો મુદ્દો ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં છવાયેલો રહ્યો હતો.

આલમપુરમાં ગૌચરની જમીનમાં કરાયેલ દબાણ અંગે ગ્રામપંચાયતે નોટીસ આપી હોવા છતાં દબાણ દૂર નહિ કરાયુ હોઈ જિલ્લા કક્ષાએ આ બાબતે કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી ગ્રામજનોએ વ્યક્ત કરી હતી.

આજે યોજાયેલ ગ્રામસંવાદ સેતુમાં આલમપુર ગામે ૧૧ જેટલા પ્રશ્નો રજુ થયા હતા. જેમાં ગામની પાણીની ટાંકી જુની અને જર્જરિત થઈ ગઈ હોવાથી તોડી નવી બનાવી આપવા બાબત, ગામતળની જગ્યા નીમ કરવા તેમજ વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવાની રજુઆત પણ ગ્રામજનોએ કરી હતી.

જિલ્લામાં આજે ૧૦ ગામોમાં લોકસંવાદ સેતુના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જિલ્લા કલેક્ટર સતીષ પટેલે શોભાસણ ગયા હતા.

કલોલ તાલુકાના જેઠલજ ગામે યોજાયેલ લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં લોકોએ ગામના બાળકોને પ્રા. શિક્ષણની સુવિધાઓથી લઈ વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા સહિત ૧૭ જેટલા પ્રશ્નો રજુ કર્યા હતા.

ધો. ૯ અને ૧૦ માટે ગામની દીકરીઓને દૂર સુધી ભણવા જવુ પડતુ હોવાથી મા. શાળાને મંજુરી આપવા, ગામમાં પ્રા. શાળાના બાળકોને શાળામાં જવા તળાવની ચીકણી માટીમાંથી જવુ પડતુ હોવાથી શાળાને જોડતા એપ્રોચ રોડ માટે ગામમાં બંધ પડેલી સોલાર લાઈટો ચાલુ થાય તે માટે તેમજ નોંધોની નકલો ઝડપથી મળે તેવી વ્યવસ્થા ઉભી કરવાની રજુઆતો આ ગ્રામસંવાદમાં રજુ થઈ હતી.

જિલ્લામાં આજે યોજાયેલી ગ્રામ સંવાદ સેતુના ત્રીજા તબક્કામાં પણ ૧૦૦થી વધુ પ્રશ્નો રજુ થયા હતા. કલોલ તાલુકાના ભાદોલ ગામમાં સરપંચની નિષ્ક્રીયતા માટે ગ્રામજનોએ તંત્રને ફરિયાદ કરી હોવાની વાત પણ આ કાર્યક્રમમાં રજુ થઈ હતી.

# વરસાદથી ફલાઈટોમાં પણ વિલંબ : મુસાફરો પરેશાન

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં વરસાદના કારણે હવે વિમાની મથકે ફલાઈટોને પણ અસર થઈ રહી છે. જેના કારણે લોકો પણ અટવાયા છે. હજુ સુધી ૧૫થી વધુ ફલાઈટો લેટ થઈ ચુકી છે. આંતરિક હવાઈસેવામાં જે ફલાઈટને વરસાદની અસર થઈ રહી છે તેમાં અમદાવાદ - દિલ્હી ઉપરાંત આંતરરાષ્ટ્રીયકક્ષાએ મસ્કત, દુબઈ , અબુધાબી અને શારજાહની ફલાઈટને વધુ અસર થઈ રહી છે. દિલ્હી અમદાવાદ જતી આવતી ઈન્ડિગોની ડોમેસ્ટિક એર લાઈન્સ ફલાઈટ નંબર ૬ઈ- ૬૨૫ અને ૬ઈ-૩૯૭, ૬ઈ-૧૫૮,૬ઈ-૯૬૨, સ્પાઈસ જેટલી જેટની એસજી-૧૯૪, જેટ કનેક્ટની એસર-૪૬૮૭ અને જેટ એરવેઝની ૯ડબ્લ્યુ-૭૦૬૭ નંબરની ફલાઈટ અડધો કલાક મોડી ઉપડી હતી. અમદાવાદ એરપોર્ટ પરથી જતીઆળતી આંતરિક અને આંતરરાષ્ટ્રીય વિમાન સેવાઓ વરસાદના વાતાવરણથી પ્રભાવિત થતાં કનેક્ટિંગ પકડનારા મુસાફરો સૌથી વધુ પરેશાનીનો અનુભવ કરી રહ્યાં હતા.


## જાહેર નિવિદા

નાણા વિભાગ ખાતે ઝેરોક્ષ નકલો કરાવવાની કામગીરી માટે Rental Baseથી કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે અંગેની શરતો નાણા વિભાગની વેબસાઈટ http://financedepartment.gujarat.gov.in ઉપર દર્શાવ્યા મુજબ છે, તેમજ નીચેના સરનામે રૂબરૂ પણ ઉપલબ્ધ થઈ શકશે.

આ અંગેના ભાવપત્રકો તા. ૨૫/૭/૨૦૧૬ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી. દ્વારા નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. આ કવર ઉપર 'ઝેરોક્ષ નકલો કરવાની કામગીરી બાબત' લખવું.

સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૨૬/૭/૨૦૧૬ના રોજ બપોરે ૧૨ વાગે ખોલવામાં આવશે.

સહી/-
(કે.કે. ખત્રી)
ઉપસચિવ, નાણા વિભાગ
માહિતી/૯૩૩/૨૦૧૬-૧૭ બ્લોક નં. ૪, ૯મે માળ, સચિવાલય, ગાંધીનગર

## ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યુરો
(A Govt. of Gujarat Orgenisation)

## ટેન્ડર નોટીસ

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે પડેલ બિન-ઉપયોગી ભંગાર ને ''જ્યાં છે ત્યાં ની સ્થિતિમાંથી ઉપાડ ની પદ્ધતિએ'' નિકાલ કરવાનો છે. ભંગારના નિરીક્ષણ માટે તારીખ ૧૩.૦૭.૨૦૧૬ થી ૨૦.૦૭.૨૦૧૬ દરમ્યાન રજા સિવાયના દિવસોમાં સવારે ૧૧:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન મહાત્મા મંદિર ખાતે નિરીક્ષણ કરી શકશે. સીલબંધ કવરમાં નિયત પત્રકમાં ભાવ તા.૨૧.૦૭.૨૦૧૬ સાંજે ૪:૦૦ કલાક સુધીમાં નીચે દર્શાવેલ સ્થફે જમા કરાવવાના રહેશે. ટેન્ડર ઈન્ડેક્ષ્ટ બી ખાતેથી રૂ.૧૦૦/- ટેન્ડર ફી પેટે ભરવાથી મફી શકશે. આ અંગેના ભાવપત્રક મંજૂર કરવા/ન કરવા અંગેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટર નો રહેશે.

મેનેજીંગ ડિરેક્ટર, ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યુરો,
બ્લોક નં ૧૮/૨, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
ફોનઃ ૦૭૯-૨૩૨-૫૦૪૯૨/૯૩

## જાહેર નિવિદા

નિયામકશ્રી ઉપવન અને બગીચા તંત્ર નિર્માણ ભવન ત્રીજે માળ, સેક્ટર-૧૦/એ, ગુ.રા. ગાંધીનગર ટે.નં. ૨૩૨૫૪૭૯૭ની કચેરીએથી સુશોભનની કામગીરીના અંદાજીત રકમ રૂ. ૫ લાખની અંદરના કામ નંગ-૪ (ચાર) માટે માર્ગ અને મકાન વિભાગની યોગ્ય ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધણી ધરાવનાર માન્ય ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર રજીસ્ટર પો.એ.ડી.થી મંગાવવામાં આવે છે. કામની વધુ વિગતો માટે તેમજ કોરા ફોર્મ મેળવવા માટે ટેન્ડર ફી સાથે ચાલુ વર્ષની બેંક સોલવંશી સરદાર સરોવર નર્મદા બોન્ડની નકલ પાનકાર્ડની નકલ તેમજ રજીસ્ટ્રેશનની ખરી નકલ સાથે અરજી કરવાથી રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમિયાન ૧૬.૦૦ કલાક સુધી રૂબરૂ અરજી કરવાથી આપવામાં આવશે. નીચે જણાવેલ તારીખો પૈકી આકસ્મિક રજા જાહેર થાય તો તેના પછીના દિવસો ચુલા ગણાશે. બનાની રકમ સિવાયના ટેન્ડરો સ્વિકૃતિને પાત્ર થશે નહિ. કોઈપણ એક અથવા બધા જ ભાવપત્રકો કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય નામંજુર કરવાના હકો આ વિભાગને અબાધિત રહેશે. સરકારશ્રીના વખતો વખતના નિયમો સર્વેને બંધન કરતા રહેશે. કામની વધુ વિગતો કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

| કોરા ટેન્ડર કોપી આપવાની છેલ્લી તારીખ | રજી.પો.એ.ડી.થી પરત લેવાની છેલ્લી તારીખ (બપોરે ૧૬.૦૦ કલાકે) | વિભાગીય કચેરીએ ખોલવાની તારીખ (બપોરે ૧૬.૦૦ કલાકે) |
|---|---|---|
| તા. ૨૦/૭/૨૦૧૬ | તા. ૨૯/૭/૨૦૧૬ | તા. ૩૦/૭/૨૦૧૬ |

માહિતી/૯૫૫/૨૦૧૬-૧૭

Gujarat State Non-Resident Gujaratis' Foundation

## ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન

બ્લોક-૧૬, ૩જો માળ, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૧, ગુજરાત, ભારત
ટેલીફોન નં. ૦૭૯-૨૩૨૩૮૨૭૮, ૨૩૨૩૮૨૮૦

## જાહેર નિવિદા

### કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

અત્રેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુસાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો / ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્રતયા કામગીરી 'કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા' પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ-અલગ કવરમાં મંગાવવામાં આવે છે. (બે વ્યક્તિની જરૂરિયાત છે.) ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીની વેબસાઈટ www.nri.gujarat.gov.in ઉપરથી મેળવી લેવાના રહેશે.

ભાવપત્રક અત્રેની કચેરીને તા. ૨૮/૭/૨૦૧૬ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી મોકલવાના રહેશે.

રજુ થયેલ ટેન્ડર ફોર્મ તા. ૩/૮/૨૦૧૬ના રોજ બપોરના ૧૫.૦૦ કલાકે ખોલવામાં આવશે.

નિયામક
ગુજરાત રાજ્ય બિ.નિ.ગુ. પ્રતિષ્ઠાન
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તા. ૧૨/૭/૨૦૧૬